[Q - 1]. કિરણના કુટુંબમાં હવે કેટલા સભ્યો થયા?

(1) કિરણના કુટુંબમાં હવે કેટલા સભ્યો થયા?

- કિરણના કુટુંબમાં પહેલા પાંચ સભ્યો હતા. હવે કિરણની નાની બહેનના જન્મ પછી કુલ છ સભ્યો થયા.

[Q - 2]. કિરણના કુટુંબમાં તેની નાની બહેન જન્મી હવે તેના ઘરમાં કઈ કઈ બાબતોમાં ફેરફાર થશે?

(3) ઘરમાં નાનું બાળક હોય તો કેવા ફેરફાર જોવા મળશે?

- ઘરમાં નાનું બાળક હોય તો નીચે પ્રમાણેના ફેરફાર જોવા મળશે: (1) ઘરમાં વડીલોને નાના બાળકની દેખભાળની જવાબદારી વધશે. (2) નાના બાળકને સૂવા અને આરામ કરવા માટે ઘોડિયાની સગવડ કરવી પડશે અને તેને ઘરમાં મૂકવાની યોગ્ય જગ્યા પસંદ કરવી પડશે. (3) નાના બાળકને રમવા માટે રમકડાં લાવવા પડશે. (4) તે ઊંઘતું હોય ત્યારે અવાજ ન થાય તેનું ધ્યાન રાખવું પડશે.

(2) તેની મમ્મીને હવે કયા કયા કામ વધશે?

- કિરણની મમ્મીને હવે તેની નાની પુત્રીને નવડાવવા-ધોવડાવવાની, તેના કપડાં વારંવાર બદલાવવાની, તેને સમયસર સુવડાવવાની તથા સ્તનપાન કરાવવાની જવાબદારી વધશે. આમ તેના લાલન-પાલન અને દેખભાળ કરવાના કામ વધશે.

(1) કિરણ તેનો દિવસ કઈ રીતે વિતાવશે?

- કિરણ તેની નાની બહેનની સાથે કાલુકાલુ બોલીને તેને હસાવશે, બહાર બીજા સાથે રમવા જવાને બદલે તેની નાની બહેન સાથે રમીને અને તેને રમાડીને તેનો દિવસ વિતાવશે.

[Q - 3]. તમે જાણતા હો તેવા કુટુંબમાં નાનું બાળક હોય તો તેના વિષે જાણકારી મેળવી નીચેના પ્રશ્નોનાં જવાબ લખો?

(1) તમારી આસપાસ સૌથી નાનું બાળક કોના ઘરે છે?

- મારી આસપાસ સૌથી નાનું બાળક મયંકકાકાના ઘરે છે.

(2) બાળકનો જન્મ ક્યારે થયો હતો?

- બાળકનો જન્મ થોડા મહિના પહેલા દિવાળીના દિવસોમાં થયો હતો.

(3) તે બાળકની ઉંમર કેટલી છે?

- તે બાળકની ઉંમર છ માસની છે.

(4) તમારે એની સાથે શું સગપણ છે?

- તે બાળકના પિતા મારા કાકા થાય છે, તેથી તે બાળક સગપણમાં મારો પિતરાઈ ભાઈ થાય છે.

(5) બાળકનો જન્મ ક્યાં થયો હતો?

- બાળકનો જન્મ નજીકના પ્રસૂતિગૃહમાં થયો હતો.

(6) બાળકને દાંત છે?

- ના, બાળકને દાંત આવ્યા નથી.

(7) બાળકને શું ખવાડાવાય છે?

- અત્યાર સુધી બાળકને તેની મમ્મીનું ધાવણ આપવામાં આવતું હતું, પરંતુ બાળકને છ માસ પૂરા થયા હોવાથી થોડા દિવસોથી ફળોનો રસ, મગ કે દાળનું પાણી, રાબ વગેરે ખવડાવાય છે.

[Q - 4]. સુમીની પિતાજીની બદલી થઈ. હવે નવી જગ્યાએ જવા તેઓ કેવી તૈયારીઓ કરશે?

(1) સુમીના પિતાજીની સાથે નવા સ્થળે કોણ કોણ જશે? સુમી કેવી શાળામાં દાખલ થશે?

- સુમીના પિતાજીની સાથે નવા સ્થળે સુમી અને તેના મમ્મી જશે. સુમી તેના પપ્પાની બદલીવાળા સ્થળે નવી શાળામાં દાખલ થશે.

(2) તમારી શાળામાં છેલ્લે કોણે પ્રવેશ લીધો? કેમ?

- મારી શાળામાં છેલ્લે ધોરણ-3 માં બિનાએ પ્રવેશ લીધો. બિનાના પપ્પાની બદલી અમારા શહેરમાં થઈ હોવાથી બિનાએ અમારી શાળામાં પ્રવેશ લીધો છે.

(3) તમારા પરિવારના કોઈ સભ્યને કામના લીધે બીજા ગામ કે શહેર જવું પડ્યું છે?

- હા, મારા મોટા કાકાના દીકરાને તેની ઓફિસના કામના લીધે મુંબઈ જવુ પડ્યું છે.

(4) તમારી શાળામાં બીજા ગામ કે શહેરમાંથી આવેલ વિદ્યાર્થી અંગે નોંધ કરો.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | કયાથી આવ્યો? | ક્યારે આવ્યો? | તેની શાળાનું નામ | તેની શાળામાં શું સારું હતું | આ શાળામાં શું સારું છે. |
|---|---|---|---|---|---|---|
| 1 | પિન્કી રસિકભાઇ પટેલ | સિધ્ધપુર થી | જુલાઇ માસમાં | આદર્શ પ્રા. શાળા | શિસ્ત સારી | પ્રેમાળ મિત્રો |
| 2 | અવધ ઉત્સવભાઈ રાવલ | છાપી થી | ઓગસ્ટ માસમાં | છાપી પ્રા. શાળા | ભણવાનું સારું | વધુ પ્રવૃતિ |
| 3 | બીના મધુસુદન ભટ્ટ | દેત્રોજ થી | ઓગસ્ટ માસમાં | તાલુકા કન્યા શાળા | પ્રવૃતિલક્ષી ભણતર | ઈત્તર પ્રવૃતિ, રમત-ગમત |
| 4 | જાય વિનોદભાઈ સોલંકી | મગરવાડા થી | સપ્ટેમ્બર માસમાં | મગરવાડા પ્રા. શાળા | મોટુ મકાન | ઈકો-કલબ |

[Q - 6]. વિચારો અને કહો.

(1) દિપાલીના કાકાના દીકરાના લગ્ન થયા. હવે દિપાલીના ઘરમાં શું ફેરફાર થશે?

➢ દિપાલીના કાકાના દીકરાના લગ્ન થવાથી દિપાલીના ઘરમાં એક નવા શબયોનો ઉમેરો થયો છે. દિપાલીને નવી ભાભી મળી છે. ઘરનાં ઘણા કામમાં દિપાલીની નવી ભાભી મદદ કરશે. દિપાલીના કાકીને કામમાં રાહત મળશે.

(2) દીકરી સાસરે જાય, ત્યારે તેના (પિતાના) ઘરે કેવું પરીવર્તન થશે?

➢ દીકરી પરણીને સાસરે જાય ત્યારે  પિતાના ઘરમાં બધાને તેની ખુબજ યાદ આવશે. તેમના ઘરનો એક સભ્ય ઓછો થશે. દીકરીની વિદાયથી તેના માતપિતાને એકલતા લાગશે. તેના કરેલા કામની ખોટ સાલશે. દીકરી કરતી હતી ટીટીઇ કામ હવે બીજાએ કે પિતાએ જાતે કરવા પડશે.

[Q - 7]. તમારા માતા અને કાકી સાથે વાત કરો ને પૂછો:

(1) તેઓ લગ્ન પહેલાં ક્યાં રહેતા હતા?

A. તેઓ લગ્ન પહેલા તેમના માતાપિતાને ત્યાં રહેતા હતા.

(2) તે સમયે તેમના કુટુંબમાં કયા કયા સભ્યો હતા?

A. તે સમયે છે મારી માતાના કુટુંબમાં મારી માતા તેમના માતા-પિતા, દાદા-દાદી અને તેમના ભાઈ હતા.કાકીના કુટુંબમાં તે સમયે કાકી તેમના માતા-પિતા, દાદા-દાદી અને તેમની બહેન હતી.

(3) તમારા કુટુંબમાં છેલ્લે કોના લગ્ન થયા?

A. મારા કુટુંબમાં છેલ્લે મારા નાના કાકાના લગ્ન થયા છે.

(4) લગ્ન પ્રસંગે ભોજનમાં શું બનાવ્યું હતું?

- મારા કાકાના લગ્ન પ્રસંગે ભોજનમાં થાળ,કેરી નો રસ, બે શાક, ભજીયા, પુરી, રોટલી, કઠોળ, દાળ, ભાત, પાપડ, કચુંબર, અથાણા, રાયતુ, વગેરે બનાવ્યું હતું.

[Q - 8]. તમારા મિત્રો સાથે વાત કરો ને તેમના કુટુંબોમા લગ્ન દરમિયાન શું શું કરવામાં આવે છે? તે વિશે લખો.

(1) વર અને કન્યા કેવા કપડાં પહેરે છે?

- વર શેરવાની, ચૂડીદાર, પાયજામો, અને પાઘડી કે સાફો પહેરે છે અથવા તો કોટ, પેન્ટ, શર્ટ,ટાઈ અને માથા ઉપર પાઘડી કે સાફો પહેરે છે. કન્યા પાનેતર,બ્લાઉસ અને ચણીયો પહેરે છે અને માથા ઉપર મોડ નાખે છે.

(2) લગ્નમાં કેવા ગીતો અને નૃત્ય કરવામાં આવે છે?

- લગ્ન સમયે અને કન્યા વિદાય વખતે પ્રચલિત લગ્નગીતો ગવાય છે. અને જાનૈયા લગ્ન સ્થળે આવતા આધુનિક નૃત્ય કે ડાન્સ કરે છે.

(3) તમે ગયેલ લગ્ન પ્રસંગમાં તમે શું શું જોયું?

➢ હું મારા કાકાને લગ્નમાં ગયો હતો. ત્યાં મે નીચે મુજબના દ્રશ્યો જોયા. (1) લગ્ન માટે મંડપ બાંધવામાં આવ્યો હતો (2) તેની વચ્ચે લગ્ન માટે ચોરી બાંધવામાં આવી હતી.(3)ચોરીની ચારેય બાજુ મંડપમાં પાથરણા,ગાદલા અને ખુરશીઓની ગોઠવણ કરવામાં આવી હતી.(4) મંડપની બાજુમાં ભોજન માટે એક બીજો મંડપ બાંધવામાં આવ્યો હતો (5) મહારાજ મંત્રો બોલી લગ્નની વિધિ કરાવતા હતા.

[Q - 9]. આપણે કિરણ, સુમી અને દિપાલી નાં કુટુંબોમાં અલગ-અલગ કારણો થી થયેલ ફેરફાર જોયા. આ ફેરફાર માટેના કારણો લખો.

(1) સુમીના કુટુંબમાં.........

➢ સુમીના કુટુંબમાં તેના પિતાજી ની બદલી બીજા શહેરમાં થવાથી ત્યાં નવા વાતાવરણમાં સેટ થવાની મૂંઝવણ વિશે બદલાવ આવ્યો.

(2) કિરણનાં કુટુંબમાં. ......

➢ કિરણનાં કુટુંબમાં તેની નાની બહેનના જન્મની ખુશી થવાથી બદલાવ આવ્યો.

(3) દિપાલીના કુટુંબમાં.............

➢ દિપાલીના કુટુંબમાં તેના કાકાના દીકરા ના લગ્ન થવાથી નવવધૂના આગમન અને લગ્ન પ્રસંગે માણવાની ખુશાલીનો બદલાવ આવ્યો.

(4) ત્રણ વડીલ માણસો સાથે વાત કરો. એક તમારા કુટુંબમાંથી એક તમારા મિત્રના કુટુંબમાંથી અને એક તમારા પડોશી ના કુટુંબમાંથી તેઓને આ વિગત પૂછો અને કોષ્ટક પૂર્ણ કરો.

| વિગત | **તમારા કુટુંબમાં** | **મિત્રનું કુટુંબ** | **પડોશીનું કુટુંબ** |
|---|---|---|---|
| - કુટુંબ અહી છેલ્લા કેટલા વર્ષોથી રહે છે? | 11 વર્ષથી | 8 વર્ષથી | 5 વર્ષથી |
| - અહીં આવ્યાં પહેલા કુટુંબ ક્યાં રહેતું હતું? | મગરવાડા | છાપી | સિધ્ધપુર |

| | | | |
|---|---|---|---|
| - આજે કુટુંબમાં કેટલા સભ્યો છે? | 6 સભ્યો | 5 સભ્યો | 4 સભ્યો |
| - દસ વર્ષ પહેલા કુટુંબમાં કેટલા સભ્યો હતા? | 5 સભ્યો | 4 સભ્યો | 4 સભ્યો |
| - કુટુંબમાં છેલ્લા દસ વર્ષમાં ફેરફારના શું કારણો હતા? | મારા પિતાની બદલી અને નાની બહેનનો જન્મ | તેના પિતાજીની બદલી થવાથી | તેની મમ્મીની બદલી થવાથી |
| - તમે આ બધા ફેરફારો વિશે શું અનુભવો છો? | પરિવાર સાથે નવા શહેરની મજા લે છે. | નવા શહેર નવા ઘરની મજા લે છે. | નવા મિત્રો નવા શહેર ની મજા લે છે. |

- આ સિવાય ના કારણો (1) કુટુંબમાં કોઈ સભ્યને નવી નોકરી મળવાથી, કુટુંબથી છૂટા પડવાથી. (2) કુટુંબમાં કોઈ જવાબદાર સભ્યનું એકાએક મૃત્યુ થવાથી.(3) કુટુંબમાં આર્થિક સધ્ધરતા વધવાથી તમામ સગવડતા વાળા વિશાળ ઘરમાં રહેવા જવાથી.

[Q - 10]. માગ્યા મુજબ જવાબ આપો :

(1) બધા કુટુંબોમાં કોઇ એક અથવા બીજા અલગ-અલગ કારણોના લીધે ફેરફાર આવે છે તમારા કુટુંબમાં શું ફેરફાર આવ્યો છે?

- મારા કુટુંબમાં મારા પિતાજીની અમદાવાદ શહેરમાં બદલી થઇ છે. અને મારા ઘરે મારી નાની બહેન નો જન્મ થયો છે. આ બે બદલાવ આવ્યા છે. જેનાથી અમારું કુટુંબ ખૂબ જ ખુશ છે.

(2) જ્યારે તમારા દાદા અને દાદી નાના બાળકો હતા ત્યારે શું તમારું કુટુંબ આજે હતું એવું જ હતું? તેની દાદી સાથે ચર્ચા કરો.

- ના, ત્યારે મારું કુટુંબ આજે છે એવું ન હતું. તે સમયે કુટુંબમાં વધારે સભ્યો સાથે રહેતા હતા. દાદા ના કહેવા મુજબ તેમના દાદા-દાદી, માતા-પિતા, કાકા-કાકી મોટા કાકા-કાકી અને તેમના બાળકો બધા જ સાથે એક જ કુટુંબમાં રહેતા હતા. દાદી ના ઘરે પણ આવી જ વ્યવસ્થા હતી. તે સમયે મારા પપ્પા, મમ્મી, કાકા, કાકી, અને અમે બધા પિતરાઇ ભાઇ-બહેનન હતા.

[Q - 11]. નીચેના પ્રશ્નોનાં ઉત્તર આપો.

(1) તમે ભણી ગણીને શું બનવા માંગો છો?

- હું ભણી ગણીને કલેક્ટર બનવા માંગુ છું.

(2) તમારા ઘરમાં સૌથી વધુ કોણ ભણ્યું છે?

- મારા ઘરમાં સૌથી વધુ મારા પપ્પા ભણ્યું છે.

(3) તમારા ઘરમાં સૌથી ઓછું પણ ભણ્યું છે?

- મારા ઘરમાં સૌથી ઓછું મારા દાદી માં ભણ્યું છે.

(4) જુદા જુદા સમયે જુદી જુદી સામગ્રીઓ ઉપયોગમાં લેવાઈ હતી તેની સાચા ક્રમમાં યાદી બનાવો.

- માટી, ભૂંસું, ગાયનું છાણ, લીમડાની ડાળીઓ, શણના કોથળા
- કાચી ઈંટો, સિમેન્ટ/રેતી, લોખંડ, ચૂનો
- પાકી ઈંટો, લોખંડ, કપચી, સિમેન્ટ/રેતી
- પાકી ઈંટો/રેતી, લોખંડ, કપચી, સિમેન્ટ, આરસ, રંગીન ટાઈલ્સ

[Q - 12]. નીચેના પ્રશ્નોનાં ઉત્તર આપો.

(1) તમારા પડોશમાં એવા કોઈ બાળકો છે જેમને શાળા છોડવી પડી હોય? શા માટે?

- હા, મારા મહોલ્લાની બાજુમાં ગોપાલ નામે એક છોકરો રહે છે. તેના પપ્પાના અવસાન પછી તેના ઘરનું ગુજરાન ચલાવવા માટે મજૂરી કરવા જવું પડ્યું. તેથી તેને અધવચ્ચેથી શાળા છોડવી પડી. એ જ રીતે આશા નામની છોકરીને તેના મમ્મી-પપ્પા મજૂરી કરવા જતા હોવાથી, તેના નાના ભાઈ ને રાખવા માટે અધવચ્ચેથી શાળા છોડવી પડી.

(2) અત્યારે તેઓ શું કરે છે?

- ગોપાલ અત્યારે દરરોજ મજૂરી કરવા જાય છે. આશા તેના ભાઈને રાખે છે. તેનો ભાઈ મોટો થયો હોવાથી તેને શાળામાં મૂકવા અને લેવા જાય છે.

(3) હાલમાં તમારા કુટુંબમાં કોઈ ના લગ્ન થયા છે? કોના?

- હા, હાલમાં મારા કુટુંબમાં મારા કાકાના લગ્ન થયેલા છે.

(4) વર અને કન્યાની ઉંમર કેટલી હતી?

- વરની (મારા કાકા) ની ઉંમર ૨૮ વર્ષની અને કન્યાની (મારા કાકી) ની ઉંમર ૨૫ વર્ષની હતી.

(5) તેઓએ કેવા પ્રકારના કપડાં પહેર્યા હતા?

- કન્યા: કન્યા એ પાનેતર, બ્લાઉઝ, ચણીયો, પહેર્યું હતું. માથા ઉપર મોડ નાખ્યો હતો.
- વર: વરરાજાએ શેરવાની, ચૂડીદાર, પાયજામો, મોજડી પહેર્યા હતા. અને માથા ઉપર સાફો બાંધ્યો હતો.